**મે.બીજા એડી. ચીફ જયુડી.મેજી. સાહેબશ્રીની કોર્ટમાં,મું.મોરબી.**

**<u>ક્રિમીનલ કેસ નંબર : ૪૬૩૦–૨૦૨૪</u>**

**આંક:–૧૩**

**ફરીયાદી : શ્રી સરકાર વતી ટી. એ. ફળદુ**

**વિ રૂ ઘ્ધ**

**આરોપીઓ : (૧)વિક્રેતા પેઢી:– શ્રી ખાનપર સેવા સહકારી મંડળી લી. ખાનપર તા. મોરબી**
**(૨) વિક્રેતા પેઢીના જવાબદાર વ્યકિત :– ફેફર નરેશ રામજીભાઇ રહે ચાચાપર તા. મોરબી**
**(૩) ઉત્પાદક પેઢી:– કૃષક ભારતી કોઓપરેટીવ લી. સુરત**
**(૪) ઉત્પાદક પેઢી ના જવાબદાર વ્યકિત:– શ્રી સ્વાધીનકુમાર મહોપાત્રા ચોરાસી, સુરત**

**ગુન્હો: ધી ફર્ટીલાઇઝર (ઇન ઓર્ગેનીક, ઓર્ગેનીક અથવા મીશ્રણ) (કન્ટ્રોલ) હુકમ–૧૯૮૫ ના કલોઝ–૧૯(એ) ની જોગવાઇની ભંગ કરી આવશ્યક ચીઝ વસ્તુધારા ૧૯૫૫ ની કલમ ૭(૧)(ક)(૨) હેઠળ**

શ્રી સરકાર તરફે વિ એ પી પી શ્રી
આરોપીઓ તરફે વિ વ શ્રી આર. પી. મનસુરી

**<u>// ચુ કા દો //</u>**

૧. આ કામના ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે આરોપીઓએ બીન પ્રમાણીત જૈવીક ખાતર ઉત્પાદન કરી/વેચાણ કરી આર્થીક લાભ મેળવવાના બદ ઇરાદાથી ખેડુતોને જૈવીક ખાતરનું વેચાણ કરી ખેડુતોને નૂકશાન થાય તેવું ગુનાહીત કૃત્ય કરેલ છે તેમ જણાવી આરોપીઓ વિરૂઘ્ધ ધી ફર્ટીલાઇઝર (ઇન ઓર્ગેનીક, ઓર્ગેનીક અથવા મીશ્રણ) (કન્ટ્રોલ) હુકમ–૧૯૮૫ ના કલોઝ–૧૯(એ) ની જોગવાઇની ભંગ કરી આવશ્યક ચીઝ વસ્તુધારા ૧૯૫૫ ની કલમ ૭(૧)(ક)(૨) અન્વયે શિક્ષાપાત્ર ગુન્હાની ફરીયાદ રજુ કરેલ છે જે અન્વયે આરોપી ઓને સમન્સ કરતા આરોપીઓ હાજર થયેલ છે.

૨. આરોપીઓને ફરીયાદ અનુસંધાનેના કાગળોની નકલો પુરી પાડવામાં આવેલ છે. અને સી.આર.પી.સી.કલમ ૨૦૭ ની ખાત્રી કર્યા બાદ આજરોજ આરોપીઓ કબુલાત પુરસીસ આપેલ છે. જે આ કામે આંક–૧૧ થી સામેલ રાખેલ છે. આરોપીઓની આંક–૯ થી આંક–૧૦ પ્લી લેતા આરોપીઓને ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે.

૩. આરોપીઓની ગુન્હાની કબુલાત પુરસીસ ને પ્લી તથા રેકર્ડ વંચાણે લેતા આરોપીઓ સ્વેચ્છાપુર્વક ગુન્હાની કબુલાત કરેલ હોઈ જણાઈ આવે છે. વધુમાં આરોપીઓની સામાજીક આર્થિક પરિસ્થિતિ ધ્યાને રાખી અને ફરી વાર આવો ગુનો નહી કરે તેમ જણાવતા હોઈ, તેઓએ પ્રથમવાર ગુન્હો કરેલ હોવાનું માની અને પોતાના પર દયાભાવ રાખવા રજુઆત કરેલ છે.જે તમામ રજુઆત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## // હુકમ //

૧. દરેક આરોપીઓને ક્રિમિનલ પોસીજર કોડની કલમ ૨૫૨ અન્વયે **ધી ફર્ટીલાઈઝર (ઇન ઓર્ગેનીક, ઓર્ગેનીક અથવા મીશ્રણ) (કન્ટ્રોલ) હુકમ–૧૯૮૫ ના કલોઝ–૧૯(એ) ની જોગવાઈની ભંગ કરી આવશ્યક ચીઝ વસ્તુધારા ૧૯૫૫ ની કલમ ૭(૧)(ક)(૨) હેઠળ** શિક્ષાપાત્ર અન્વયે કસુરવાર ઠરાવી દરેક આરોપીઓને રૂા.૧૦,૦૦૦ (રૂપીયા દસ હજાર પુરા), (કુલ દંડ રૂા.૪૦,૦૦૦/–) નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સાદી સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપીઓ દંડની રકમ ન ભરે તો આરોપીઓને દિન–૧૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. હુકમ આજ રોજ તા.૧૪ મી માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.:–૧૪/૦૩/૨૦૨૬ **(જે.જે.જોષી)**

સ્થળ:–મોરબી બીજા એડી. ચીફ જ્યુડી.મેજી.મોરબી.

//MRM// **CODE NO.-**GJ01271

ફોજદારીદંડપહોંચનં.................
તા.૧૪/૦૩/૨૦૨૬થીરૂા<u>. ૪૦,૦૦૦/–</u>
અંકે રુપીયા– ચાલીસ હજાર પુરા વસુલ લીધા.

નાઝીર/આસીસ્ટન્ટ